

# વલસાડ આસપાસ અતિભારે વરસાદ

## કપરાડા અને વલસાડમાં ૨૧ ઇંચથી વધુ વરસાદ : દક્ષિણ ગુજરાતના અન્ય ભાગોમાં પણ ભારે વરસાદ : કપરાડા, પારડી, વાપી, ધરમપુર, નવસારીમાં પણ ભારે વરસાદ : હજારોનું સ્થળાંતર કરાવાયું

અમદાવાદ,તા. ૨૯

અતિ ભારે વરસાદની ચેતવણી વચ્ચે દક્ષિણ ગુજરાતમાં વલસાડમાં અતિ ભારે વરસાદ પડ્યો છે જેના કારણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. દક્ષિણ ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ ભારે વરસાદ થયો છે. છેલ્લા ૩૦ કલાકથી પણ ઓછા ગાળામાં વલસાડમાં ૨૧, પારડી ૧૬, વાપીમાં ૧૪, ઉંમરગામમાં ૭, ધરમપુરમાં ૧૮ અને કપરાડામાં ૨૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. વલસાડ જિલ્લાના તમામ તાલુકાઓમાં ભારે વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. નેશનલ હાઈવે અને ટ્રેન વ્યવહારને પણ માઠી અસર થઈ છે. અવિરત વરસાદના લીધે લોકોને ઘરમાં રહેવાની ફરજ પડી છે. વલસાડ જિલ્લામાં સૌથી વધુ હાલત કફોડી થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ચારેબાજુ ભારે વરસાદ થયો છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

જે વધુ પડતું બોલે છે, એ કવચ કુંડળ ઉતારી નાખેલો કર્ણ છે

- જય વસાવડા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઇ, ૨૦૧૪, બુધવાર; શ્રાવણ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



(તસવીર : દિપક જાની)

ઈદ મુબારક : ઈદ-ઉલ-ફિત્રની પવિત્ર નમાઝ અદા કરવા રમજાન ઈદના પાવન પર્વે ગાંધીનગરના મુસ્લિમ બિરાદરો ચરેડી ખાતે ઈદગાહ પર પહોંચ્યા હતા. પવિત્ર નમાઝ અદા કરી અલ્લાહ પાસે બરકતની દુઆ કરી હતી... નમાઝ બાદ મુસ્લિમ બિરાદરોએ પરસ્પર ઈદની મુબારકબાદી પાઠવી હતી.

# ગાંધીનગરના ૧૦૦ ગામોનું પાણી પીવા લાયક નથી

## તાજેતરમાં કરાયેલા સર્વેમાં બહાર આવેલુ તારણ : ગાંધીનગર તાલુકાના સૌથી વધુ ગામો : તંત્ર સામે ગંભીર સમસ્યા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના ૧૦૦ જેટલા ગામોમાં પીવાનુ પાણી પીવાલાયક નહિ હોવાનો ચોંકાવનારા અહેવાલ તાજેતરમાં બહાર આવવા પામ્યો છે.

ચોમાસા પૂર્વે વાષ્મો દ્વારા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોના પાણીના સ્ત્રોતના નમૂના મેળવી અને તેની ચકાસણી કરવામાં આવે છે. ડાર્કઝોનમાં રહેલા ગાંધીનગર જિલ્લામાં પાણીનું દોહન વધુ પડતુ કરવામાં આવ્યુ હોવાથી પાણીની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નાર્થો ઉભા થઈ રહ્યા છે.

સરકારે ગ્રામ્ય વિસ્તાર માટે નર્મદાનુ પાણી પાઈપલાઈન દ્વારા આપવા માટે જિલ્લામાં રૂ. ૧૬ કરોડથી પણ વધારેનો ખર્ચ કરી આખુ નેટવર્ક ઉભુ કર્યુ છે પરંતુ ગ્રામીણ પ્રજા આ પાણી સ્વીકારવાનો ઈન્કાર કરી રહેલ છે એટલુ જ નહિ તેના પોતાના સ્ત્રોતો જ પાણી માટે વાપરવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# દક્ષિણ ગુજરાત સૌરાષ્ટ્રમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા. ૨૯

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આગામી ૪૮ કલાક દરમ્યાન ભારેથી અતી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યમાં ચોમાસુ સક્રિય થતાં અને અપર એર સાયક્લોનીક સીસ્ટમ ઉભી થતા વરસાદી વાદળો આવતા દક્ષિણ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને પગલે જિલ્લાતંત્રોને સાવચેતીના પગલા લેવા અને એલર્ટ રહેવા માટેના આદેશો રાહત કમિશનર દ્વારા આપવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.






# અમદાવાદમાં 3 ઇંચ વરસાદ

## અમદાવાદના પૂર્વ વિસ્તાર પાંચ ઈંચથી વધુ વરસાદથી જળબંબાકાર : ખોખરા સહિતના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા : લોકો જુદી જુદી જગ્યાઓએ અટવાયા : શાહીબાગ અંડરબ્રિજ સહિત બે બ્રિજને બંધ કરાયા

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ શહેરમાં પણ ભારે વરસાદ પડતા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. અમદાવાદમાં આજે સરેરાશ ત્રણ ઈંચ વરસાદ પડી ગયો હતો. જો કે, અમદાવાદ પૂર્વમાં પાંચ ઈંચથી વધુ વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઈ હતી. નીચાણવાળા વિસ્તારોમાં એલર્ટની જાહેરાત કરાઈ હતી. અમદાવાદ શહેરમાં પણ આગામી ૨૪ કલાક દરમિયાન અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં આજે આખા દિવસ દરમિયાન બ્રેક રહ્યા બાદ બપોર બાદ વરસાદની શરૂઆત થઈ હતી. સાંજે કલાકોના ગાળામાં જ ત્રણ ઈંચની આસપાસ વરસાદ થઈ જતાં સાંજે ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. ચક્કાજામની સ્થિતિ કેટલાક વિસ્તારમાં જોવા મળી હતી. ટ્રાફિક જામના કારણે લોકો સાંજે ઘરે જતી વેળા જુદી જુદી જગ્યાઓએ અટવાયા હતા. ભારે વરસાદના પરિણામ સ્વરુપે શાહીબાગ અંડરબ્રિજ સહિત બે અંડરબ્રિજને બંધ કરવાની ફરજ પડી હતી. પૂર્વ અમદાવાદમાં સૌથી કફોડી હાલત થઇ હતી. અહીં હાટકેશ્વર ખાતે પાણી ભરાઈ ગયા હતા. સીટીએમ, ભાઈપુરાની કેટલીક સોસાયટીઓ, ખોખરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડ, પુનિતનગર, મણિનગર, જશોદાનગર, ભૈરવનાથ ચાર રસ્તા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. કાગડાપીઠ, સત્યમનગરમાં પણ પાણી ભરાઈ ગયા હતા. અમરાઈવાડી, ચમનપુરામાં સૌથી વધુ હાલત કફોડી બની હતી. વાહન ચાલકો અને સ્થાનિક લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. વાસણા બેરેજના ત્રણ દરવાજા ખોલી નાંખવાની ફરજ પડી હતી. અમદાવાદમાં ગઈકાલ સાંજથી આજે સાંજે ચાર વાગ્યા સુધી પણ સારો એવો વરસાદ થઈ ચુક્યો છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬.૫ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં પણ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. બિગબજાર પાસે રોડ બેસી ગયો હોવાનું જાણવા મળ્યું છે. ગુપ્તાનગરમાં ભુઆ પડ્યાના સમાચાર મળ્યા છે. બાપુનગર, મેઘાણીનગર, ચમનપુરા, અસારવા સહિતના વિસ્તારમાં લોકો વધુ મુશ્કેલીમાં મુકાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં વરસાદ પડવાના કારણે નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. પાણીનો નિકાલ આવે તે પહેલા જ રોગચાળાએ સકંજો જમાવી લીધો છે. વરસાદી માહોલમાં વાયરલ અને ફિવરના કેસોમાં પણ વધારો થયો છે. જેનાથી ખાનગી તેમજ મ્યુનિસિપલ હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ગઈ છે.

### રાહત અને બચાવ કામગીરી માટે એનડીઆરએફ ટીમ વલસાડ રવાના

ગાંધીનગર, તા. ૨૯

વલસાડમાં ભારે વરસાદને પગલે જિલ્લાતંત્રને રાહત બચાવ કામગીરીમાં મદદરૂપ થવા એન.ડી.આર.એફ.ની ટીમ વલસાડ મોકલવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વલસાડ જિલ્લામાં છેલ્લા ૧૪ કલાકથી પડી રહેલા ભારે વરસાદને કારણે શહેરમાં પૂર જેવી સ્થિતિ ઉભી થવા પામી છે. વલસાડમાં ઉભી થયેલી પરિસ્થિતિને પગલે જિલ્લાતંત્રને મદદરૂપ થવા માટે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળ (જીએસડીએમ) દ્વારા એન.ડી.આર.એફ.ની ટીમ વલસાડ મોકલવામાં આવી છે.



મુકેશ ભાજીપાઉં

ચાઈનીઝ, ઢોસા, વડાપાઉં, દાબોલી, પીઝા મળશે

સમય : ૧૦-૦૦ થી ૧૧-૦૦

ડી-૫, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૩, સરગાસણ, ગાંધીનગર

ભગવતીલાલ એમ. મોદી : મો. : ૯૮૨૮૩ ૫૧૯૯૨

મકાન વેચવાનું છે

ન્યુ ગ્રીનસીટી સેકટર-૨૬, કોમન પ્લોટ પાસે, ૧૫૦ મી. પ્લોટ એરિયામાં આર્કિટેક ડિઝાઈનથી ફુલ બાંધકામ વાળુ મકાન વેચવાનું છે. D'Martની પાછળ

મો. ૯૮૨૫૦૩૩૭૪૦

